# આકાશવાણી ભુજ

**સમાચારવાચક: નેહલ ઠક્કર**

**કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ**

તારીખ :૨૬-૦૩-૨૦૨૪ સમય: સાંજે :06.25

---

## cVigil એપ

ચૂંટણી પંચ cVigil એપ દ્વારા ચૂંટણી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ એપ દ્વારા આદર્શ આચાર સંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદો, ફોટા,વીડિયો વગેરે સીધું ચુંટણી પંચને મોકલી શકાશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે cVigil નાગરિકોને આદર્શ આચાર સંહિતા ભંગની જાણ કરવા અને 100 મિનિટની અંદર પગલાં લેવાની ખાતરી આપે છે.

cVIGIL એપ એ યુઝર-ફ્રેન્ડલી અને ઓપરેટ કરવામાં સરળ એપ્લિકેશન છે, જે જાગ્રત નાગરિકોને જિલ્લા કંટ્રોલ રૂમ, રિટર્નિંગ ઓફિસર અને ફ્લાઈંગ સ્કવોડ્સની ટીમો સાથે જોડે છે. આ એપનો ઉપયોગ કરીને નાગરિકો રાજકીય ગેરવર્તણૂકની ઘટનાઓ ઘરે બેઠાં રિટર્નિંગ ઓફિસરને જણાવી શકે છે. સીવિજીલ એપ પર ફરિયાદ મોકલતાની સાથે જ ફરિયાદીને એક ID પ્રાપ્ત થશે જેના દ્વારા મોબાઈલ પર ફરિયાદને ટ્રેક કરી શકાશે.

Regional News

-----------------------------------------------------------------------------------------------

## વિધાનસભા પેટાચૂંટણી ઉમેદવારો

ગુજરાત માં વિધાન સભા ની પાંચ બેઠકો ની પેટા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી એ તેના ઉમેદવારો નાં નામો ની જાહેરાત કરી છે પોરબંદ બેઠક માટે અર્જુન મોઢવાડીયા ખંભાત માં ચિરાગ પટેલ વિજાપુર માં સી જે ચાવડા વાઘોડિયા બેઠક માટે ધર્મેન્દ્ર સિહ વાઘેલા અનેમાણાવદર બેઠક માટે અરવિંદ લાડા ની ની પસંદગી કરવા માં આવી છે

ચંદ્રવદન પટ્ટણી

-----------------------------------------------------------------------------------------------

## મતદાન માટે માન્ય દસ્તાવેજો

લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. એપીક ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે. આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, પાસબુક, હેલ્થ ઇન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઇ દ્વારા ઇસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઇન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઇસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઇસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને વિકલાંગ કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી

પરેશ મારૂ

---

# કચ્છ મતદારો

ગુજરાત લોકસભાની ચૂંટણી 2024 માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. મતદાર યાદી , ઈવીએમ અને મતદાન મથકોનું સંપૂર્ણ આયોજન થઇ ગયું છે. તાજેતરમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરના અધ્યક્ષસ્થાને મળેલી પત્રકાર પરિષદમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ વિગતો આપતા જણાવ્યું કે આખરી મતદાર યાદી મુજબ કચ્છમાં કુલ 16 લાખ 45 હજાર 364 મતદાર નોંધાયા છે જે પૈકી 7 લાખ 98 હજાર 629 મહિલા મતદારો અને 8 લાખ 46 હજાર 714 પુરૂષ મતદારો છે. કચ્છમાં 21 જેટલા અન્ય મતદારો નોંધાયા છે. કચ્છ જિલ્લામાં વિવિધ કામગીરી જેવી કે સ્ટાફ, ઇવીએમ, ટ્રાન્સપોર્ટ, ચૂંટણી ખર્ચ, કાયદો અને વ્યવસ્થા વગેરે પર દેખરેખ રાખવા માટે 20 નોડલ ઓફિસરોની નિમણૂંક કરવામાં આવી છે.

પરેશ મારૂ

---

# ચુંટણી એપ્લીકેશન

કચ્છ જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા પર્વ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. લોકશાહીના આ અનેરા અવસરમાં સહભાગી થવા મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ખાસ કરીને નવા મતદારોમાં ચૂંટણી કાર્ડ અંગે, મતદાર યાદીમાં નામ અંગે તથા મતદાન મથક અને બૂથ લેવલ ઓફિસર(BLO) જેવા ઘણા પ્રશ્નો ઉદભવતા હોય છે. ECI દ્વારા મતદારો તેમજ ઉમેદવારો માટે વિવિધ પ્રકારની એપ્લિકેશન્સ ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. જે પૈકી KYC, Saksham, VHA, Suvidha Candidate તથા cVIGIL જેવી એપ્લિકેશન્સ દરેક મતદારો તેમજ ઉમેદવારો માટે ઉપયોગી સાબિત

થશે . કચ્છ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એપ્લિકેશન્સ ઉપયોગી બની છે આ એપ્લીકેશન દ્વારા મતદારો સરળતાથી માર્ગદર્શન મેળવી શકશે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------

## વનવિભાગ વન્યજીવો માટે પાણી બાઈટ -વરાજસિંહ ઝાલા

ઉનાળાની શરૂઆત થઇ ચૂકી છે. વન્ય વિસ્તારમાં ઉનાળાના સમયમાં વન્ય પ્રાણીઓને પાણીની તંગીનો સામનો ન કરવો પડે તે માટે વન વિભાગ દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યાં પાણીની તંગી સર્જાવાની છે ત્યાં માર્ચના અંત સુધીમાં તે વિસ્તારમાં વન્ય જીવો માટે તબક્કાવાર પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવશે તેવું પશ્ચિમ કચ્છ વન વિભાગના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

પરેશ મારૂ

---